For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

4,713 મતદારોમાંથી 2,723 વકીલોએ મતદાનની ફરજ બજાવી

# ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં 57.75% મતદાન

## સવારના ઉત્સાહ બાદ બપોરે નિરસતા, પણ અંતિમ કલાકોમાં જોર પકડાયુ હતું

(પ્રતિનિધિ) વડોદરા તા.6
ગુજરાત બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની પ્રતિષ્ઠિત ચૂંટણી અંતર્ગત વડોદરા મંડળમાં મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ છે. વડોદરાના વકીલોમાં સવારથી જ આ ચૂંટણીને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કોર્ટ સંકુલમાં સવારના સમયે વકીલોની લાંબી કતારો જોવા મળી હતી, જોકે બપોરના સમયે મતદાનની ગતિ થોડી ધીમી પડી હતી, પરંતુ અંતિમ કલાકોમાં ફરી વેગ પકડાતા કુલ 57.75% મતદાન નોંધાયું છે. વડોદરા બાર કાઉન્સિલના કુલ 4713 નોંધાયેલા મતદારોમાંથી કુલ 2723 વકીલોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બપોરે 3 વાગ્યા સુધીમાં આ આંકડો 2198 (આશરે 47%) સુધી પહોંચ્યો હતો, પરંતુ મતદાનના અંતિમ કલાકોમાં બાકીના 525 થી વધુ વકીલોએ મતદાન કરતા અંતિમ આંકડો 2723 પર પહોંચ્યો છે. ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવારોએ મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. સવારથી જ ઉમેદવારો અને તેમના સમર્થકો મતદાન મથકની બહાર સક્રિય જોવા મળ્યા હતા. વડોદરા મંડળમાં થયેલું આ 57.75% મતદાન રાજ્યના અન્ય મંડળોની સરખામણીએ કેવું રહે છે તેના પર સૌની નજર છે. હવે તમામ ઉમેદવારોના ભાવિ મતપેટીમાં સીલ થયા છે અને વકીલ આલમમાં પરિણામને લઈને ઉત્સુકતા જોવા મળી રહી છે.

### ટેક્સ કન્સલ્ટન્ટ્સ ચેમ્બરના એડવોકેટ સભ્યોનું ઉત્સાહપૂર્વક મતદાન

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી અંતર્ગત વડોદરા શહેરમાં એડવોકેટ સભ્યોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સના એડવોકેટ સભ્યોએ ન્યાયમંદિર



અને દીવાલીપુરા કોર્ટ ખાતે ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું. મતદાન દરમિયાન ચેમ્બરના પ્રમુખ એડવોકેટ દિપકભાઈ અમીન, વરિષ્ઠ સભ્ય એડવોકેટ મનુભાઈ વાઘેલા, પ્રમુખ એમેરિટસ તેમજ એડવોકેટ અને નોટરી ભાસ્કરભાઈ પટેલ, ભૂતપૂર્વ પ્રમુખ તેમજ એડવોકેટ અને નોટરી ભરતભાઈ સ્વામી, ચેમ્બર સચિવ એડવોકેટ ધર્મેશભાઈ ગાંધી, ખજાનચી એડવોકેટ મનીષભાઈ શાહ અને સંયુક્ત સચિવ એડવોકેટ કલ્પેશભાઈ પટેલ સહિત ચેમ્બરના અન્ય અનેક એડવોકેટ સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના સભ્યોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહી પ્રક્રિયામાં સક્રિય ભાગ લીધો હતો. ચૂંટણી દરમિયાન સભ્યોમાં ભારે ઉત્સાહ અને સકારાત્મક માહોલ જોવા મળ્યો હતો. સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ દ્વારા જણાવાયું હતું કે ચેમ્બરના એડવોકેટ સભ્યોએ ઉત્સાહપૂર્વક મતદાન કરી લોકશાહી પ્રક્રિયાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

શહેર જિલ્લા અને હાઇવેના માર્ગો અકસ્માતોની વણથંભી વણઝાર

# રફતારનો કહેર, યુવતીને ટક્કર મારી અજાણ્યો ટ્રક ચાલક ફરાર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6
વડોદરા શહેર અને જિલ્લામાં રફતારનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. આજે વધુ એક ગંભીર અકસ્માતની ઘટના વાઘોડિયા તાલુકાના નિમેટા ગામ પાસે બની હતી, જ્યાં રસ્તા પરથી પસાર થતી એક યુવતીને અજાણ્યા ટ્રક ચાલકે જોરદાર ટક્કર મારી ફરાર થઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ નિમેટા ગામ પાસે આવેલા પુનિતનગર વિસ્તાર નજીક રસ્તા પર જઈ રહેલી યુવતીને પૂરપાટ ઝડપે આવતા ટ્રકે અડફેટે લીધી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે યુવતી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન સાથે ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.

ઘટનાને પગલે આસપાસના લોકો તાત્કાલિક સ્થળે દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. 108ની ટીમે ઈજાગ્રસ્ત યુવતીને પ્રાથમિક સારવાર આપીને નજીકની હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડી હતી.પ્રાથમિક માહિતી મુજબ ઈજાગ્રસ્ત યુવતી પારુલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને અજાણ્યા ટ્રક ચાલક સામે ગુનો નોંધાવી તેની



શોધખોળ હાથ ધરી છે.વડોદરા શહેર અને હાઈવે માર્ગો પર વધતા અકસ્માતોને લઈને લોકોમાં ચિંતા વધી રહી છે, ત્યારે રફતારના રાક્ષસોને કાબૂમાં લેવા તંત્ર વધુ સક્રિય થાય તેવી માંગ ઉઠી રહી છે.

રેલવે સ્ટાફ કવાટર્સમાં દુપટ્ટાથી ટુપો આપી હત્યા કરી હતી

# ફિયાન્સને મોતને ઘાટ ઉતારનાર યુવતીની જામીન અરજી રદ

(પ્રતિનિધિ) વડોદરા તા.6
છોટાઉદેપુર જિલ્લાના દેવલીયા ગામની રેખા રાઠવાને પિતાના અવસાન બાદ રેલવેમાં નોકરી મળી હતી. જેથી રેખા રાઠવાને તેમના ગામના સચીન ગણપત રાઠવા સાથે આંખો મળી ગઇ હતી. જેથી રેખા અને સચીનને એકબીજાના માતા પિતાને વાત કરી હતી. જેથી પરિવારના સભ્યો પણ રાજી થયા હતા અને લગ્ન કરવા માટે રાજી થયા હતા. બંને સગાઇ કર્યાં બાદ માર્ચ 2026માં લગ્ન પણ લેવાના હતા. રેખા રાઠવા પ્રતાપનગર રેલવે સ્ટાફ ક્વાટર્સમાં રહેતી અને નોકરી હતી ત્યારે તેના ફિયાન્સ સચીન રાઠવાને પણ ત્યાં બોલાવી નોકરી લગાવ્યો હતો. બંને સાથે રહેતા હતા. દરમિયાન ગત 29 ડિસેમ્બર 2025ના રોજ રાત્રીના સમયે કોઇ કારણોસર ઝઘડો થયો હતો. ત્યારે ઉશ્કેરાયેલી રેખા રાઠવાએ તેના ફિયાન્સનું દુપટ્ટા વડે ગળુ દબાવીને હત્યા કરી નાખી હતી. ત્યારબાદ બાજુના રહેતા તેમના સગા સંબંધીઓને બોલાવીને સચીનને કાઈથઈ ગયુ છે ઉઠતો નથી તેમ કહી નાટક કર્યું હતું. જેથી તેને રેલવેના હોસ્પિટલમાં લઇ જતા મૃત જાહેર કરાયો હતો. જેથી મકરપુરા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને હત્યારી ફિયાન્સીની ધરપકડ કરી રિમાન્ડ પણ મેળવ્યાં હતા. રિમાન્ડ પુરા થયા બાદ હત્યારી રેખા રાઠવાને જેલ હવાલે કરાઇ હતી. રેખા રાઠવાએ જેલમાંથી જામીન પર મુકત થવા માટે પોતાના વકીલ મારફતે રેગ્યુલર જામીન અરજી રજૂ કરાવી હતી. જેનો કેસ ચિરાગ એમ પવાર બીજા એડિશનલ સેશન્સ જજ વડોદરાની કોર્ટમાં ચાલી ગયો હતો. ત્યારે આરોપીને વકીલ તથા સરકારી વકીલ દ્વારા સામસામે દલીલો કરાઇ હતી. હત્યા જેવા ગંભીર ગુનામાં આરોપી રેખા સજા કાપતી હોય મેજિસ્ટ્રેટ દ્વારા તેની રેગ્યલર જામીન અરજી રદ કરાઇ છે.

# પશ્ચિમી પવનથી ગરમીમાં વધારો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6
માર્ચની શરૂઆતથી જ ગરમીનો પ્રકોપ વધવાની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે શુક્રવારે વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 37.2 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 19 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 63 ટકા અને સાંજે 25 ટકા નોંધાયું હતું. જ્યારે, સાંજે 7:41 કલાકે ગરમીનું તાપમાન ઘટીને 36 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. મહિનાના પ્રથમ અઠવાડિયામાં પારો 38 ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. બપોરે સૂર્યના સીધા કિરણો પડવાને કારણે ગરમી વધુ અનુભવાઈ રહી છે. માર્ચ મહિનાની શરૂઆતમાં અંગ દઝાડતી ગરમીની શરૂઆત થઈ ગઈ છે.આગામી બે દિવસ દરમ્યાન તાપમાનમાં 3-5 ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. બીજી તરફ નિષ્ણાંતોના મતે માર્ચના બીજા પખવાડિયાથી ગુજરાતમાં હવામાનમાં પલ્ટો આવશે. 16 થી 20 માર્ચ અને 24 માર્ચથી એપ્રિલની શરૂઆતમાં રાજ્યના હવામાનમાં પલ્ટો આવી શકે છે. તેમજ પ્રિ-મોન્સુન એક્ટિવિટીના કારણે અનેક ભાગોમાં વરસાદની શક્યતાઓ છે.

તા. ૦૯ માર્ચ સુધીમાં ચૂંટણી અધિકારીને મતદાન મથકો બાબતે વાંધો રજૂ કરી શકાશે

# બરોડા ડેરીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીના મતદાન મથકો નિર્ધારિત કરાયા

2025થી 2030ની મુદત માટે તા.18મી માર્ચના રોજ મતદાન યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.6
વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (બરોડા ડેરી) ની વર્ષ ૨૦૨૫ થી ૨૦૩૦ ની મુદત માટેની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી સંદર્ભે ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, વડોદરા ગ્રામ્ય દ્વારા મતદાન મથકો નિર્ધારિત કરવાનો મહત્વનો હુકમ કરવામાં આવ્યો છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અને તે હેઠળના નિયમોની જોગવાઈઓ અનુસાર આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. બરોડા ડેરીની વ્યવસ્થાપક મંડળીની આ ચૂંટણી માટે આગામી તા. ૧૮-૦૩-૨૦૨૬ ના રોજ મતદાન યોજાશે. આ મતદાન પ્રક્રિયા સવારના ૯-૦૦ કલાકથી બપોરના ૩-૦૦ કલાક સુધી વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (બરોડા ડેરી), એસેમ્બલી હોલ, મકરપુરા રોડ, વડોદરા ખાતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સંઘનું સભ્યપદ ધરાવતી વિવિધ તાલુકાઓની દૂધ મંડળીઓના કુલ ૧૦૭૧ પ્રતિનિધિઓ મતાધિકારનો ઉપયોગ કરશે. ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરાયેલા હુકમ મુજબ, ઝોન નંબર ૧ થી ૧૩ માં સમાવિષ્ટ વિવિધ તાલુકાઓ જેવા કે પાદરા, કરજણ, વડોદરા, શિનોર, તિલકવાડા, ડભોઈ, સાવલી, ડેસર, વાઘોડિયા, સંખેડા, બોડેલી, નસવાડી, પાવીજેતપુર, છોટાઉદેપુર અને કવાંટની દૂધ મંડળીઓ માટે મતદાન મથકની વ્યવસ્થા બરોડા ડેરીના એસેમ્બલી હોલ ખાતે જ રાખવામાં આવી છે. ચૂંટણી અધિકારીના હુકમમાં દરેક ઝોનવાર મતદારોની સંખ્યા અને મંડળીઓની વિગતવાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ નિર્ધારિત કરવામાં આવેલા મતદાન મથકો બાબતે જો કોઈ મતદાર અથવા ઉમેદવારને કોઈ વાંધો હોય, તો તેઓએ પોતાની રજૂઆત તા. ૦૯-૦૩-૨૦૨૬ ના રોજ બપોરના ૩:૦૦ કલાક સુધીમાં ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, વડોદરા ગ્રામ્યની કચેરી (કોઠી કચેરી કમ્પાઉન્ડ, રાવપુરા, વડોદરા) ખાતે કરવાની રહેશે.

હવે ઈન્ટરનેશનલ નંબર મેસેજ કરવાનું શરૂ કર્યું

# વડોદરાની કોર્ટને મળેલી ધમકી અંગેના ડેટાની માગણી કરાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6
મકરપુરા વિસ્તારમાં આવેલી કેન્દ્રીય વિદ્યાલયના શિક્ષકના મોબાઈલ પર સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ગર્ભિત ધમકી ભર્યો મેસેજ મળ્યો હતો. જેથી પોલીસ દ્વારા જે ઈન્ટરનેશનલ નંબર પરથી મેસેજ આવ્યો છે તેની વિગત કઢાવવાની કાર્યવાહી હાથ ધરાઇ છે. બીજી તરફ શિક્ષકની પણ પૂછપરછ કરાઇ હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે. કોર્ટને મળેલી ધમકીમાં સાઈબર ક્રાઈમ પાસે આઉટલુક પરથી મેલ મળ્યો હોય ત્યારે કંપની પાસેથી ડેટાની માગણી કરાઇ છે. વડોદરા શહેર અને જિલ્લામાં આવેલી સ્કૂલોમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી અને જેમાં એક આરોપી અમદાવાદમાં ધરપકડ થઇ હતી. જેને લઈને હવે ધમકી આપનાર અસામાજિક તત્વો દ્વારા મોડસ ઓપરેન્ડી બદલામાં આવી છે. જેમાં હવે આ શખ્સો દ્વારા મોબાઈલ ડેટાની ચોરી કરીને ત્યારબાદ ધમકી ભર્યા મેસેજ વોટ્સએપ પર મોકલી રહ્યા છે. ત્યારે ગુરુવારે મકરપુરા વિસ્તારમાં આવેલી કેન્દ્રીય વિદ્યાલયમાં બાળકોને અભ્યાસ કરાવતા શિક્ષકના મોબાઈલ નંબર ક્યાથી મેળવી લેવામાં આવ્યો હતો અને હવે વોટ્સએપ પર ઉર્દુ ભાષામાં બોમ્બ ઉડાવી દેવાની ગર્ભિત ધમકી ભર્યો મેસેજ મોકલવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા હવે આ મોબાઈલ કંપની પાસેથી કેવી રીતે શિક્ષકનો નંબર કેવી રીત આ લોકોને મળ્યો તેની વિગત માંગવામાં આવી રહી છે.કોના દ્વારા કંપનીના ડેટા સાથે કોઈ પ્રકારની છેડ ખાની કરવામાં આવી નથી તેની પણ તપાસ કરાઈ છે. પોલીસ દ્વારા મેસેજ જેના પર આવ્યો છે તે શિક્ષકની પણ પૂછપરછ શરૂ કરી છે. ત્યારબાદ આ શખ્સો દ્વારા દિવાળીપુરા કોર્ટને પણ મદ્રાસના કન્ટેન્સવાળો મેસેજ મળ્યો હતો.

વડોદરા રેલવે સ્ટેશને સનાતન ધર્માવલંબી ભક્તો દ્વારા ભવ્ય સ્વાગત

# પંચખોબલા ખાતે શિવાલયના જીર્ણોદ્ધાર અર્થે પુરીના જગદ્‌ગુરુ શંકરાચાર્યજીનું આગમન

(પ્રતિનિધિ) વડોદરા તા.6
પંચખોબલા ગામે આવેલ પ્રાચીન શિવાલયના જીર્ણોદ્ધાર માટે પુરીના જગદ્‌ગુરુ શંકરાચાર્યજીનું વડોદરા આગમન થયું હતું. તેમના આગમન નિમિત્તે વડોદરા રેલવે સ્ટેશને સનાતન ધર્માવલંબી ભક્તો અને અગ્રણીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ 6, 7 અને 8 માર્ચ દરમિયાન જગદ્‌ગુરુ શંકરાચાર્યજી પંચ ખોબલા મુકામે નિવાસ કરશે અને ભક્તોને આશીર્વાદ આપશે.

ત્યારબાદ 9 માર્ચના રોજ તેઓ પ્રતાપનગર સ્થિત ગોયાગેટ સોસાયટીમાં આવેલ શિવાલય ડુપ્લેક્સ ખાતે પધારશે.10 અને 11 માર્ચના રોજ સવારે 11:30 વાગ્યે દર્શન, દીક્ષા અને સંગોષ્ઠિના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આ કાર્યક્રમોમાં સર્વે ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.આયોજકો દ્વારા ખાસ નોંધ કરવામાં આવી છે કે 10 માર્ચના રોજ સાંજે 5 વાગ્યે સર સયાજીનગર ગૃહ ખાતે યોજાનારી ધાર્મિક સભા રદ કરવામાં આવી છે.



GPCB દ્વારા ઉદ્યોગોને માર્ગદર્શિકા

# યુટિલિટીઝ માટે ‘Approved Liquid Fuel’ વાપરવાની મંજૂરી

(પ્રતિનિધિ) વડોદરા તા.6
ઈંધણ પુરવઠા સંબંધિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા ઉદ્યોગો માટે તાત્કાલિક ફ્યુઅલ બદલાવ અંગે સર્ક્યુલર જાહેર કરવામાં આવ્યું છે. આ સર્ક્યુલર મુજબ યુટિલિટીઝમાં જરૂરી પરિસ્થિતિમાં ‘Approved Liquid Fuel’ નો ઉપયોગ કરવાની તાત્કાલિક મંજૂરી આપવામાં આવી છે. સર્ક્યુલરમાં જણાવાયું છે કે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને ગેસ પુરવઠા સંબંધિત સંભવિત વિક્ષેપોને ધ્યાનમાં રાખીને ઉદ્યોગોના ઉત્પાદન પર અસર ન પડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. યુટિલિટીઝમાં તાત્કાલિક વ્યવસ્થા રૂપે માન્ય પ્રવાહી ઈંધણનો ઉપયોગ કરી શકાશે. પરંતુ બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે ગેરમાન્ય અથવા પ્રતિબંધિત ઈંધણ (Non-approved fuel)




નો ઉપયોગ કરવો કાયદેસર ગુનો ગણાશે અને આવા કિસ્સાઓમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. ઉદ્યોગોએ પર્યાવરણના નિયમો અને પ્રદૂષણ નિયંત્રણના ધોરણોનું કડક પાલન કરવું ફરજિયાત રહેશે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે તમામ ઉદ્યોગોને આ સર્ક્યુલરમાં દર્શાવેલી માર્ગદર્શિકાનું પાલન કરવા અપીલ કરી છે જેથી ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રહે અને પર્યાવરણનું સંરક્ષણ પણ સુનિશ્ચિત થઈ શકે.

બેટ વડે હુમલો કરી જડબું ફાડી નાખતા મહિલા ગંભીર ઈજાગ્રસ્ત

# પાલતું શ્વાનને ઘર આંગણે ટોયલેટ કરાવવાની ના પાડતા મહિલા પર હુમલો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6
વડોદરા શહેરના માંજલપુર વિસ્તારની એક સોસાયટીમાં પાડોશીઓ વચ્ચે પાલતુ શ્વાન રાખવા જેવી સામાન્ય બાબતે થયેલા વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. પાડોશી યુવકે ઉશ્કેરાઈને એક મહિલા પર ક્રિકેટ બેટ વડે જીવલેણ હુમલો કરતા મહિલાને ગંભીર ઈજા પહોંચી હતી. તાત્કાલિક સોસાયટીના લોકો એકત્ર થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે ખસેડવામાં આવી હતી. માંજલપુર આવેલા મારુતિ ધામ હાઉસિંગ બોર્ડ કોલોનીમાં એક યુવક પોતાના પાલતુ શ્વાનને પાડોશીના ઘર સામે ઊભા રાખીને ટોયલેટ કરાવતો હતો. આ બાબતે પાડોશી મહિલાએ વાંધો ઉઠાવ્યો હતો અને યુવકને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે, શ્વાનને અન્યના ઘર પાસે



ગંદકી ન કરાવવી જોઈએ. મહિલાની આ સમજાવટથી રોષે ભરાયેલા શ્વાન માલિક યુવકે ઉશ્કેરાઈને મહિલા પર હુમલો કર્યો હતો. યુવકે ક્રિકેટ બેટ વડે મહિલાના માથાના ભાગે જોરદાર ફટકો મારતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાના પતિ વિકાસ મીરે જણાવ્યું હતું કે, મારા બે મકાન છોડીને એક દીપરાજસિંહ ચૌહાણ કરીને વ્યક્તિ રહે છે. જે દરરોજ એનો કૂતરો જે છે. જે હડકાયો થઈ ગયો છે, અને બધા છોકરાઓને અહીંયા કરડે છે અને અવારનવાર જ્યારે પણ એ પોતાના કૂતરાને લઈને નીકળે છે. અમારા ઘરના આંગણે એક કૂતરાને ટોયલેટ કરાવે છે. જેના કારણે ગંદવાડો થાય છે. અહીંયા નાના નાના બાળકો રમતા હોય છે. રાત્રિના 10:30ની આસપાસ અમારા ઘરે મહેમાન આવેલા હોય અને જમવા માટે બેઠા હતા એટલામાં દીપરાજ સિંહ ચૌહાણ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા અને તેમનો જે કૂતરો હતો, તેને લઈ ટોયલેટ કરવા માટે રોકી રાખ્યો હતો આ જોઈને મારી પત્ની વૈશાલી ઘરમાંથી બહાર નીકળી દીપરાજ સિંહને ગંદકી ના કરો બહાર મેદાનમાં લઈ જઈને કરાવો. તેમ કહેતા જ દીપરાજસિંહ ઉશ્કેરાઈ ગયા હતા અને એમના ઘરે જઈને બેટ સ્ટેમ્પ લઈને આવ્યા અને અને મારી પત્નીને જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

**રોગચાળાની ભીતિ** જેતલપુર બ્રિજ પાસે ગટરના દુર્ગંધ મારતા પાણીથી રહીશો અને વાહનચાલકો ત્રાહિમામ

# કરોડો રૂપિયાનું આંધણ : જેતલપુરની જનતા ગંદકીના નરકમાં



ગટરના પાણીથી રસ્તાઓ રેલમછેલ : ગંદા પાણી ભરાવાને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.6
સંસ્કારી નગરી વડોદરાને ‘સ્માર્ટ સિટી’ બનાવવાની મોટી મોટી વાતો કરતું વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર જાણે કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. એક તરફ શહેરના વિકાસના નામે કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવી રહ્યું છે, તો બીજી તરફ શહેરના અનેક વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓનો પણ ફિયાસ્કો જોવા મળી રહ્યો છે. શહેરના જેતલપુર બ્રીજની નીચે આવેલા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટરની લાઈનો ઉભરાવાની અને ગંદુ પાણી રસ્તા પર વહેવાની સમસ્યાએ માઝા મૂકી છે, છતાં પાલિકાના અધિકારીઓ એરકન્ડિશન કેબિનોમાંથી બહાર નીકળીને જનતાની પીડા જોવાની તસ્દી લેતા નથી. જેતલપુર બ્રિજની નીચેના વિસ્તારમાં સ્થિતિ આજે એવી બની છે કે ત્યાંથી પસાર થવું એટલે નર્કનો અનુભવ કરવો. રસ્તા પર 24 કલાક ગટરનું ગંદુ અને અત્યંત દુર્ગંધ મારતું પાણી વહેતું રહે છે. આ પાણીને કારણે રસ્તાઓ પર ચીકણું પડ જામી ગયું છે, પરિણામે ટુ-વ્હીલર ચાલકો વારંવાર સ્લિપ થઈ રહ્યા છે. અનેક વાહનચાલકો આ ગંદા પાણીમાં પટકાઈને ઈજાગ્રસ્ત થયા હોવાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. શું પાલિકા તંત્ર કોઈ મોટા અકસ્માત કે જાનહાનિની રાહ જોઈ રહ્યું છે ? તેવો વેધક સવાલ સ્થાનિકો પૂછી રહ્યા છે. માત્ર વાહનચાલકો જ નહીં, પણ જેતલપુર વિસ્તારના રહીશો અને વેપારીઓ પણ આ ગંદકીથી તોબા પોકારી ગયા છે. ગટરના સ્થિર થયેલા ગંદા પાણીમાં મચ્છરોનો ભારે ઉપદ્રવ વધ્યો છે. ભરઉનાળે ફેલાઈ રહેલી આ ગંદકી જો રોગચાળાનું સ્વરૂપ ધારણ કરશે, તો તેની જવાબદારી કોની ? પાલિકાનો આરોગ્ય વિભાગ અને ડ્રેનેજ વિભાગ જાણે એકબીજા પર જવાબદારી ઢોળીને સંતોષ માની રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, પાલિકા વેરો લેવામાં જરાય મોડું કરતી નથી, પણ જ્યારે સુવિધા આપવાની વાત આવે ત્યારે બજેટ નથી અથવા ટેકનિકલ ખામી છે તેવા બહાના કાઢવામાં આવે છે. વડોદરામાં જ્યાં જુઓ ત્યાં માત્ર ખાડા અને ગંદકી જ દેખાય છે. જેતલપુર બ્રિજની નીચેના વિસ્તારમાં આ સમસ્યા વર્ષો જૂની છે, છતાં તેનું કોઈ કાયમી નિરાકરણ લાવવામાં આવતું નથી. જેતલપુર વિસ્તારના જાગૃત નાગરિકો હવે આરપારના મૂડમાં છે. લોકોની માંગ છે કે પાલિકાના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ રૂબરૂ મુલાકાત લે અને આ ગટરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવે. જો આગામી દિવસોમાં આ સમસ્યા હલ કરવામાં નહીં આવે, તો સ્થાનિકો દ્વારા કોર્પોરેશનની કચેરીએ હલ્લાબોલ કરવાની અને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવાની તૈયારીઓ બતાવી છે.

સંસ્કારી નગરીને શર્મસાર કરતો કિસ્સો : પરિવાર સ્તબ્ધ

# સોમાતળાવ વુડાના મકાનમાં દાદા દ્વારા પૌત્રીના શારીરિક અપડલા

(પ્રતિનિધિ), વડોદરા. તા.6
શહેરના સોમા તળાવ વિસ્તારમાં આવેલ વુડા આવાસના મકાનમાં માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. દાદાએ જ પોતાની 7 વર્ષની પૌત્રી સાથે શારીરિક અડપલા કર્યા હોવાની ફરિયાદ દીકરીની માતાએ કપુરાઈ પોલીસ મથકમાં નોંધાવી છે. વડોદરાની સંસ્કારી નગરીને શર્મસાર કરતી ઘટના પ્રકાશમાં આવી છે.

સોમાતળાવ વિસ્તારમાં રહેતા નરાધમ દાદાએ જ પોતાની 7 વર્ષની માસૂમ પૌત્રીને તેના રૂમમાં લઇ જઈને શારીરિક અડપલા કર્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઇ છે. જેમાં પોલીસ દ્વારા આરોપી દાદાને ઝડપી પાડ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. વડોદરા શહેરના સોમાતળાવ વિસ્તારમાં રહેતા દાદા ગુરુવારના રોજ રાત્રિના સમયે પોતાના દીકરાની દીકરી એટલે કે 7 વર્ષીય પૌત્રીને કોઈ બહાને પોતાના રૂમમાં લઈ ગયા હતા.

પરંતુ માસૂમને ક્યાં ખબર હતી કે દાદા તેની સાથે બીભત્સ હરકત કરવાના છે, ત્યારબાદ માસૂમની એકલતાનો લાભ લઈને વૃદ્ધ દાદાએ તેની સાથે પ્રાઈવેટ પાર્ટ સહિતના જગ્યા પર હાથ ફેરવી શારીરિક અડપલા શરૂ કર્યા હતા. દાદા દ્વારા કરાયેલી બીભત્સ હરકતના પગલે સગીર પૌત્રી ગભરાઇ ગઇ હતી અને બાળકીએ તુરંત જ રૂમની બહાર દોડી આવીને પોતાની માતાને સમગ્ર હકીકત વર્ણવી હતી. ડરી ગયેલી બાળકીની વાત સાંભળીને માતા સહિતના પરિવારના સભ્યોના પગ નીચેથી જમીન જાણે સરકી ગઈ હોય પરિસ્થિત સર્જાઇ હતી. સસરાએ પોતાની દીકરી સાથે કરેલી કરતૂતના પગલે માતા ભારે રોષે ભરાઇ હતી.

ત્યારબાદ પુત્રવધૂએ કપુરાઇ પોલીસ સ્ટેશનમાં સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને આરોપી વૃદ્ધાને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરાઇ છે.